રાજયની બીનસરકારી અનુદાનપાત્ર
કોલેજોમાં અધ્યાપકોની ખાલી જગાઓને
અધ્યાપક સહાયક એવું નામ આપી
ભરવા બાબત.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંક: એનજીસી-૧૧૦૪-૧૬૫૭-ખ
સચિવાલય, ગાંધીનગર.
તા: 16 JUN 2008

વંચાણે લીધા:

૧. શિક્ષણ વિભાગનો તા.૨૫-૮-૨૦૦૫નો ઠરાવ ક્રમાંક: એનજીસી-૧૧૦૪- ૧૬૫૭-ખ.

૨. શિક્ષણ વિભાગનો તા.૨૮-૩-૨૦૦૬નો ઠરાવ ક્રમાંક: એનજીસી-૧૧૦૪-૧૬૫૭-ખ

૩. યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન, નવી દિલ્હીના તા.૧૪-૬-૨૦૦૬ના નોટીફીકેશન નં: F-NO.1-1/2002(PS) Examp.

૪. ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરીનો તા.૧૭-૫-૨૦૦૮નો પત્ર ક્રમાંક: કવટ-વ-૧-૦૮-૭૩૭૦

<u>ઠરાવ</u>

રાજયની બીનસરકારી અનુદાનપાત્ર વિનયન, વિજ્ઞાન, વાણિજય, શિક્ષણ અને કાયદાની કોલેજોમાં અધ્યાપકોની ખાલી જગાઓ અધ્યાપક સહાયક એવા નાભાભિધાનથી રૂ.૭૫૦૦/-ના માસિક ઉચ્ચક પગારથી ભરવાની મંજૂરી વંચાણે લીધેલ શિક્ષણ વિભાગના તા.૨૫-૮-૨૦૦૫ અને તા.૨૮-૩-૨૦૦૬ના ઠરાવથી આપવામાં આવેલ હતી. વંચાણે લીધેલ તા.૨૫-૮-૨૦૦૫ના ઠરાવના ફકરા ૨ની શરત નં.૩માં દર્શાવેલ શૈક્ષણિક લાયકાત અંગે ફેરફાર/સુધારો કરવા ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરીએ વંચાણે લીધેલ તા.૧૭-૫-૨૦૦૭ના પત્રથી દરખાસ્ત કરેલ હતી. જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

Scanned by CamScanner

પુખ્ત વિચારણાને અંતે શિક્ષણ વિભાગના તા.૨૫-૮-૨૦૦૫ના ઠરાવના ફકરા-૨ની શરત નં.૩ અને શરત નં.૫ નીચે મુજબ સુધારીને વાંચવા આથી ઠરાવવામાં આવે છે.

**શરત નં.૩**

"જે ઉમેદવાર નેટ/સ્લેટ અથવા પ્રવર્તમાન સમયે યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશને અધ્યાપકોની નિમણૂંક અંગે ઠરાવેલ લાયકાત ધરાવતા હશે તેઓ નિમણૂંક મેળવવા માટે અરજી કરી શકશે. પાંચ વર્ષની માસિક ઉચ્ચક પગારની નોકરી પૂર્ણ થયા પછી, તેમની કામગીરીની સમીક્ષા કર્યા બાદ યોગ્ય જણાયેથી રૂા.૮૦૦૦-૧૩૫૦૦/-ના પગાર ધોરણમાં નિમણૂંક આપવામાં આવશે. આવા ઉમેદવારે અગાઉ કરેલ પાંચ વર્ષની નોકરી સેવા વિષયક કોઇપણ હેતુ અર્થે ધ્યાનમાં લેવાશે નહીં તેમજ રૂા.૮૦૦૦-૧૩૫૦૦/- પગાર ધોરણવાળી નોકરી સાથે જોડવામાં આવશે નહીં."

**શરત નં.૫**

"પાંચ વર્ષની ઉચ્ચક પગારની નોકરી પૂર્ણ કર્યા બાદ નિયમિત નિમણૂંક મેળવનાર ઉમેદવાર તેઓ જયારે નિયમિત નિમણૂંક મેળવે ત્યારે ગુજરાત સરકારમાં જે તે સમયે જે પેન્શન યોજના અમલમાં હશે તે આપોઆપ લાગુ પડશે. વધુમાં સેવા વિષયક લાભો પણ જેતે સમયે અમલમાં હોય તે નિયમો અનુસાર મળવાપાત્ર થશે."

શિક્ષણ વિભાગના તા.૨૫-૮-૨૦૦૫ અને તા.૨૮-૩-૨૦૦૬ના ઠરાવની અન્ય શરતો/જોગવાઇઓ યથાવત રહે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના નામે અને તેમના નામે,

(એચ.એન.મેજીયાતર)
નાયબ સચિવ
શિક્ષણ વિભાગ

Scanned by CamScanner

પ્રતિ,

- માન.રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી(શિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- મા.રા.ક.મંત્રીશ્રી(મહિલા અને બાળ વિકાસ તેમજ ઉ.શિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી(શિક્ષણ)ના રહસ્ય સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર.
- એ.જી. ગુજરાત અમદાવાદ/રાજકોટ.
- નિવાસી તપાસણી અધિકારીશ્રી, ગાંધીનગર.
- પ્રિન્સિપાલશ્રી, તમામ બિનસરકારી કોલેજો(ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની મારફત)
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી(શિક્ષણ) નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- શિક્ષણ વિભાગની સર્વે શાખાઓ,
- ઉપ સચિવશ્રી, આઇ.ટી.પ્રભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સેકશન અધિકારીશ્રી, સીલેકટ ફાઇલ, ખ શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સીલેકટ ફાઇલ/ ખ શાખા.

Scanned by CamScanner